લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


### આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ઠંડી પડવાની સંભાવના

# ગુજરાતમાં કમોસમી વરસાદથી ઠંડીનું પ્રમાણ વધશે । ૨૦ શહેરોમાં તાપમાનમાં ઘટાડો થયો

**સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કોલ્ડવેવની અસર થવાની સંભાવના । ગુજરાતમાં કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ જેવી ઠંડીનો અહેસાસ**

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં દિવસો વધવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ઠંડી પડવાની સંભાવના છે. આ સાથે વિભાગે ઘણા જિલ્લાઓમાં તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કોલ્ડવેવની અસર થવાની સંભાવના છે. તેમજ આજે સવારથી ગુજરાતમાં કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ જેવી ઠંડીનો અહેસાસ લોકો કરી રહ્યા છે. દરમિયાન હવામાનની આગાહી કરનાર અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડી



અને કમોસમી વરસાદ પડી શકે છે.

ભારતીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. દેશના મોટાભાગના ભાગોમાં શિયાળા દરમિયાન સામાન્ય તાપમાન વધુ નોંધાય તેવી શક્યતા છે. ઠંડીના મોજાના દિવસો ઓછા રહેશેઃ ઉત્તર પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વ ભારતમાં ઓછા શીત લહેરના દિવસો રહેશે. દક્ષિણ ભારતમાં ઠંડી વધી શકે છે. દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું રહી શકે છે. ઉત્તરથી દક્ષિણ તરફ તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે ઠંડીમાં વધારો થયો છે. ડિસેમ્બર આવતાની સાથે જ ઠંડીએ પણ પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું છે. પરંતુ આગામી ડિસેમ્બરના દિવસો વધુ ડરામણા હશે તેવો અંદાજ છે. હવામાન વિભાગે ઠંડીની નવી આગાહીને લઈને મોટું એલર્ટ આપ્યું છે.

૨૩ ડિસેમ્બર પછી રાજ્યમાં ૧૬-૨૨ દરમિયાન તીવ્ર ઠંડી પડવાની શક્યતા છે, દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને વરસાદની શક્યતા છે, જાન્યુઆરીમાં રાજ્યમાં હાડકાની ઠંડી પડશે અને ઠંડીનું જોર વધશે. ૪ અને ૫ જાન્યુઆરીએ પવન ફૂંકાશે. ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ પહોંચી શકે છે, જેના કારણે ત્રીજા સપ્તાહમાં બંગાળની ખાડીમાં સિસ્ટમ સર્જાય તેવી શક્યતા છે. ડિસેમ્બરમાં વરસાદની આગાહી છે.

આ સિસ્ટમના કારણે ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સંભાવના છે, આ સિસ્ટમ બનવાને કારણે ૨૩ ડિસેમ્બર પછી કડકડતી ઠંડી પડવાની શક્યતા છે અને બર્ફીલા પવનો ફૂંકાશે. જેમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઝરમર ઝરમર ઝરમર વરસાદ પડવાની સંભાવના છે, જાન્યુઆરી મહિનામાં રાજ્યમાં હાડકાં ભરતી ઠંડી પડશે. ગુજરાતમાં દિવસો વધવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

## ગુજરાતના જાણીતા ગાયક કલાકાર પર લાકડી અને તલવારથી હુમલો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।

ગુજરાતના જાણીતા ગાયક અને ભાજપ નેતા વિજય સુવાળા પર અજાણ્યા શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. કારમાં આવેલા શખ્સોએ લાકડી અને તલવારથી ભાજપ નેતા વિજય સુવાળા પર હુમલો કરતા સાત શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. માહિતી તો એવી પણ મળી રહી છે કે વિજય સુવાળા પર હુમલા પહેલા ફોન કરીને ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ વિજય સુવાળાની કારને આંતરીને કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં મળતી માહિતી મુજબ અમદાવાદના ઝુંડાલની પાસે આવેલા અગોરા મોલ જોડે ગુજરાતના જાણીતા ગાયક વિજય સુવાળાની કારને કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા ઘેરવામાં આવી હતી. ત્યારબાદ તલવાર-લાકડીઓ લઈને વિજય સુવાળા પર હુમલો કરવામાં આવ્યો છે. અચાનક આ ઘટના બનતા વિજય સુવાળાએ પોલીસને ફોન કરીને મદદ માંગી હતી.

## સુરતમાં ભાજપ કાર્યકરની ટપોરી છાપ હરકત! ડાન્સર સાથે ઠુમકા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

શું કાયદા માત્ર સામાન્ય લોકો માટે જ હોય છે? સુરતમાં યુવાનનો ડાન્સર સાથે નાચતો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચ્યો છે. સુરતના ડીંડોલી વિસ્તારના સુજીત ઉપાધ્યાયનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં સુજીત ઉપાધ્યાય ભાજપ કાર્યકર હોવાની વાત સામે આવી છે. સુજીત ઉપાધ્યાય હાથમાં રિવોલ્વર સાથે કોઈ ડાન્સર સાથે ડાન્સ કરી રહ્યાં છે, તેનો વીડિયો ચર્ચાનું કારણ બન્યો છે. તમને જણાવી દઈએ કે અમે આ વાયરલ વીડિયોની પુષ્ટિ કરતા નથી.આ વાયરલ વીડિયો વિશે મળતી માહિતી પ્રમાણે, ભાજપ કાર્યકર સુજીત ઉપાધ્યાય ડાન્સર સાથે હાથમાં રિવોલ્વર રાખીને દેખાડો કરી રહ્યાં હોય તેનું લાગી રહ્યું છે. આખરે આવી રીતે રિવોલ્વર સાથે વીડિયો બનાની ભાજપના આ કાર્યકર સુજીત ઉપાધ્યાય સાબિત શું કરવા માંગે છે?

## સીનીયર્સ દ્વારા રેગિંગના કારણે પાટણની મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીના મૃત્યુ થયું હતું

। પ્રતિનિધિ, પાટણ, તા.૧૨ ।

ગુજરાતના પાટણના ધારપુરમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ગયા મહિને ૧૮ વર્ષીય એબીબીએસ વિદ્યાર્થીનું મૃત્યુ થયું. વિદ્યાર્થીના મૃત્યુને લઈને મેડિકલ કોલેજમાં અનેક અટકળોનો દોર શરૂ થયો હતો. મેડિકલ કોલેજના વિદ્યાર્થીના મૃત્યુના કારણોને લઈને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાત પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે વિદ્યાર્થીનું મૃત્યુ સીનીયર્સ દ્વારા રેગિંગના કારણે થયું. તેમજ એ માહિતી પણ સામે આવી કે વિદ્યાર્થીના મૃત્યુમાં કોલેજના સત્તાવાળાઓની શંકાસ્પદ ભૂમકિા છે. કૉલેજમાં હિંસા થઈ રહી હોવાનું જાણવા છતાં કોલેજ સત્તાધીશો તેમાં કોઈ દખલ ના કરી. મળતી વિગતો અનુસાર , રેગિંગનો ભોગ બનેલા ૧૧ અન્ય પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના નિવેદનોને ટાંકીને તપાસમાં કહેવામાં આવ્યું છે કે સિનિયર્સ નવા વિદ્યાર્થીઓનું રેગિંગ કરતા રહ્યા અને કૉલેજ પ્રશાસન મૂક પ્રેક્ષક બનીને રહ્યું. જોકે, મેડિકલ કોલેજના ડીન ઈન્ચાર્જ ડૉ. હાર્દિક શાહે દાવો કર્યો છે કે તેઓ રેગિંગ વિશે જાણતા ન હતા.જણાવી દઈએ કે ગુજરાતના પાટણ જિલ્લામાં મેડિકલ કોલેજના ૧૮ વર્ષીય વિદ્યાર્થીનું ૧૬ નવેમ્બરની રાત્રે મૃત્યુ થયું હતું .

### કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ

# ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદ શહેરમાં લોકાર્પણ કર્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘શ્રમેવ જયતે’ મંત્રને ચરિતાર્થ કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારના બે વર્ષની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરીને રાજ્યના શ્રમિકોને આગવી ભેટ સરકારે આપી છે.કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે આ સુવિધા કેન્દ્ર ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું આગવું સ્થળ બની રહેશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. માત્ર એટલું જ નહીં, લેબર કોન્ટ્રાક્ટર્સ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી – મળી શકે છે, સાથે-સાથે શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે.કડિયાનાકે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે. મુખ્યમંત્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે.રાજ્યભરમાં હજુ વધુ ૯૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. શ્રમિકોને રાહત દરે ભોજન, ચા, અને હવે રિફ્રેશમેન્ટ, આરામ કરવા અને એકઠા થવા માટેનું સુવિધાજનક સ્થળ મળતા રાજ્યમાં શ્રમને સન્માન આપવાની પરિપાટી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં વધુ સુદ્રઢ થઈ છે.અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, અમદાવાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસન, વિસ્તારના ધારાસભ્ય પાયલ કુકરાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પોલીસ કર્મીઓ તેમજ શ્રમિકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકીથી ખળભળાટ

। પ્રતિનિધિ, સુરત,તા.૧૧ ।

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બોમ્બ મુકવાની વાતને લઈને પોલીસ દોડતી થઈ ગઈ હતી. બે યુવકો સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બોમ્બ મુકવાની વાત કરતા હોવાની એક કોલર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના પગલે સુરત પોલીસનો મોટો કાફલો એરપોર્ટ ખાતે ધસી ગયો હતો. પોલીસ દ્વારા ડોગ અને બોમ્બ સ્કવોડ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.બે યુવકો બારડોલી રેલવે સ્ટેશન પર સુરત એરપોર્ટ પર બોમ્બ મુકવાની વાત કરતા હતા. તેને પગલે એક કોલર દ્વારા આ અંગે સુરત પોલીસને જાણ કરવામાં આવી હતી. સુરત એરપોર્ટ પર બોમ્બ મુકવાની વાતને ગંભીરતાને લઈને સુરત શહેરની એસઓજી, પિસિબી, ડીસીબી સહિતનો કાફલો સુરત એરપોર્ટ પર દોડી ગયો હતો. આ સાથે જ સુરત એરપોર્ટના સીઆઈએસએફ સહિતનો સ્ટાફ પણ ચેકિંગમાં જોડાયો હતો. સુરત એરપોર્ટ પર ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતનાથી ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

## રાજકોટમાં જામકંડોરણામાં શ્રમિક કુટુંબે સામૂહિક આત્મહત્યા કરી લીધી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૨ ।

રાજકોટના જામકંડોરણામાં શ્રમિક કુટુંબે સામૂહિક આત્મહત્યા કરી છે. દાહોદના શ્રમિક કુટુંબે ઝેરી દવા પીને આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. દાહોદના સનાળા ગામે વાડી વિસ્તારમાં આત્મહત્યાની ઘટના બની છે. શ્રમિક કુટુંબે ઝેરી દવા પીતા માતા અને બે સંતાનોના મોત થયા છે.જો કે આ આત્મહત્યાનું કારણ ઘરકંકાસ હોવાના લીધે લોકોમાં ચકચાર મચી ગઈ છે. માતાએ બંને સંતાનોને ઝેરી દવા પીવડાવી પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. ત્રણેયના મૃતદેહો પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ ખસેડવામાં આવ્યા છે.પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ હવે આત્મહત્યા પાછળના કારણોની તપાસ કરી રહી છે. આત્મહત્યા પાછળની દુષ્પ્રેરણા કોઈની પણ હશે પછી તે પતિથી લઈને કોઈપણ કુટુંબીની હશે તો પોલીસ તેના માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધશે.




### આરોપીઓને સુરત, પોરબંદર, વલસાડ અને દમણ ખાતેથી પકડવામાં આવ્યા

# દ્વારકામાં વિઝા કૌભાંડનો પર્દાફાશ : સરકારી રેકોર્ડ જ બદલી બનાવટી પાસપોર્ટ અપાતો હતો

## કૌભાંડ અંગે પોલીસ વડા અશોકકુમાર યાદવ અને એસપી નિતેશ પાંડેને બાતમી મળી હતી

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૧૨ ।

દ્વારકામાં સરકારી રેકોર્ડ સાથે ચેડા કરીને યુકેના વિઝા આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. દ્વારકાના એસપી નિતેશ પાંડેએ મળેલી બાતમીના આધારે વિઝા કૌભાંડીઓ પર સકંજો કસ્યો હતો અને તેના મુખ્ય સૂત્રધાર દિલીપ મોઢવાડિયા સહિત તેના બીજા એજન્ટો એમ કુલ નવની વલસાડ, દમણ અને સુરતમાંથી ધરપકડ કરી હતી.



આ કૌભાંડીઓની મોડસ ઓપરેન્ડી એવી હતી કે કૌભાંડીઓ સ્થાનિક તલાટીની મદદથી જન્મના દાખલાનો આખો રેકોર્ડ જ બદલી નાખતા હતા અને વ્યક્તિની અટક સુદ્ધા બદલી નાખતા હતા. તેના પછી તેઓ યુકેમાં રહેતા પોર્ટુગીઝનો સંપર્ક કરતા હતા અને તેની સાથે નાણાકીય લેવડદેવડ કરીને તે યુકેવાસીને અહીં યુકે જવા ઈચ્છુક વ્યક્તિના ગાર્ડિયન બનાવી દેતા હતા. આ રીતે વ્યક્તિ કાયદેસર યુ.કે. પહોંચી જતી હતી અને કોઈને ગંધ સુદ્ધા આવતી ન હતી. આ રીતે આખું કૌભાંડ ચાલતું હતું.આ કૌભાંડ અંગે પોલીસ વડા અશોકકુમાર યાદવ અને એસપી નિતેશ પાંડેને બાતમી મળી હતી કે કેટલાક લોકો જન્મના સરકારી રેકર્ડ સાથે ચેડા કરી જૂની એન્ટ્રીઓ હટાવી દઈને નવી પણ ખોટી એન્ટ્રીઓ ઊભી કરે છે. આ ખોટી એન્ટ્રીઓના આધારે ગ્રામપંચાયતોના ઓનલાઈન વેબ પોર્ટલમાં જન્મના ખોટા પ્રમાણપત્રો ગુનાહિત હેતુઓ બનાવાઈ રહ્યા છે. તેના પગલે તેમણે દ્વારકાના પોલીસ ઈન્સ્પેક્ટર પી.સી. શીંગરખીયાને આ કેસની તપાસ સોંપીને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.તેમના આદેશના પગલે પી.સી. સીંગરખીયાએ આ કેસની તલસ્પર્શી હાથ ધરીને મોટા વિઝા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. તેમણે આ કૌભાંડમાં ખોટી એન્ટ્રીઓના આધારે જન્મના બનાવટી દાખલા જારી કરનારા સરકારી કર્મચારી કમ તલાટીમંત્રી હાર્દિક ભીમશી રાવલિયાની ધરપકડ કરી હતી. તેની ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવતા તેણે જણાવ્યું હતું કે તેણે પોરબંદર જિલ્લાના દિલીપ મોઢવાડિયાને જન્મના પ્રમાણપત્રો કાઢીને આપ્યા હતા. આના પગલે પોલીસે દિલીપ મોઢવાડિયાની ધરપકડ કરી હતી. તેની ધરપકડ સાથે જ બનાવટી પાસપોર્ટના કૌભાંડનો પર્દાફાશ થયો હતો.પોલીસની સખ્તાઈના પગલે આરોપી પોપટની જેમ બધુ જ બોલી ગયો હતો. આરોપી એકદમ નવી જ મોડસ ઓપરેન્ડીથી ઓર્ગેનાઈઝ્ડ સિન્ડીકેટ ચલાવતો હતો. તેના આ કૌભાંડની ખાસિયત એ હતી કે તે યુકેમાં વસતા પોર્ટુગીઝ નાગરિકોની તલાશ કરતો હતો. તેની સાથે-સાથે ગેરકાયદેસર રીતે યુ.કે. જવા ઈચ્છુકને શોધતો હતો.

### શાકભાજી વેચનાર વિક્રેતાઓ સાથેની બોલચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

# અમદાવાદ શહેરમાં કોર્પોરેશનના કર્મચારીઓ અને શાકભાજીના વેપારીઓ વચ્ચે બબાલ

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં કોર્પોરેશનના કર્મચારીઓ અને શાકભાજીના વેપારીઓ માથાકૂટ થઈ હોવાની ઘટના સામે આવી. કોર્પોરેશનના કર્મચારીઓ તેમની ફરજ મુજબ દબાણ હટાવવાની કામગીરી કરી રહ્યા હતા. ત્યારે શાકભાજી વેચનાર વિક્રેતાઓ સાથેની બોલચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. કર્મચારીઓ રોડ પરના દબાણ હટાવતા શાકભાજી ફેંકી દેતા મામલો વધુ બિચક્યો. શાકભાજી વિક્રેતાઓએ કર્મચારીઓ સાથે ઝગડો કર્યો અને તેમની સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. કર્મચારી અને શાકભાજી વિક્રેતાઓ વચ્ચે થયેલ બબાલમાં પોલીસ દરમ્યાનગીરી કરી શકે છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ છરસ્ઝના કર્મચારીઓને શહેરમાં બનતી ઘટનાઓને લઈને દબાણો દૂર કરવાની કામગીરી સોંપવામાં આવી છે. શહેરમાં દિનપ્રતિદિન વધતા ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. માર્ગો પર અનેક સ્થાનો પર શાકભાજી વિક્રેતાઓની તેમજ પાણીપૂરીની લારીઓ લાગેલી હોય છે. જેના કારણે માર્ગો વધુ સાંકડા બન્યા છે. આ જ કારણ છે કે વહીવટીતંત્ર દ્વારા દબાણો દૂર કરવાના આદેશ અપાયા. જો કે આ કામગીરી કરનાર કર્મચારીઓને દબાણ હટાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક સ્થાનો પર છુટક વિક્રેતાઓ તેમનું સ્થાન છોડવા તૈયાર નથી થતા.

તાજેતરમાં કોર્પોરેશનના કર્મચારીઓ અને શાકભાજી વિક્રેતાઓ વચ્ચે દબાણ હટાવતા મામલે માથાકૂટ થઈ. કોર્પોરેશન કર્મીઓએ શાકભાજી ફેંકી દેતા મામલો વધુ બિચકયો હતો. કર્મચારીઓના શાક ફેંકી દેવા જેવા ગેરવર્તનને લીધે વિક્રેતાઓ પણ ગુસ્સે ભરાયા હતા. અને આ કર્મચારીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને ગયા. જો કે પોલીસે કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ ના કરતા શાકભાજી વિક્રેતાઓ આખી રાત પોલીસ સ્ટેશન બહાર ઘેરાવો કરીને બેઠા હતા. અમદાવાદમાં કોર્પોરેશનના કર્મચારીઓ અને શાકભાજીના વેપારીઓ માથાકૂટ થઈ હોવાની ઘટના સામે આવી. કોર્પોરેશનના કર્મચારીઓ તેમની ફરજ મુજબ દબાણ હટાવવાની કામગીરી કરી રહ્યા હતા. ત્યારે શાકભાજી વેચનાર વિક્રેતાઓ સાથેની બોલચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું.

# દાહોદમાં કરોડો રૂપિયાની વિદેશી દારૂની બોટલોનો પર બુલડોઝર ફેરવાયું

। માહિતી બ્યુરો, દાહોદ, તા.૧૧ ।

ગુજરાત રાજ્યમાં દારૂનું સેવન કરવું તેમજ વેચાણ કરવું તેના ઉપર પ્રતિબંધ છે તેમ છતાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવતો હોય છે. દાહોદમાં ૩ પોલીસ મથકમાં ઝડપાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો. ૩ પોલીસ સ્ટેશને ૨ કરોડથી વધુના મુદામાલનો બુલડોઝર ફેરવીને નાશ કરાયો છે. તંત્રએ દાહોદના શિંગેડી ગામે વિદેશી દારૂના જથ્થાનો નાશ કર્યો છે, દાહોદના ૩ પોલીસ મથકમાં વિદેશી દારૂનાના ૫૩૨ ગુન્હા નોંધાયા હતા.દાહોદના ૩ પોલીસ મથકમાંથી કુલ ૧,૬૯,૯૧૧ બોટલ વિદેશી દારૂ ઝડપાયો હતો. પોલીસે કુલ રૂપિયા ૨,૮૪,૮૫,૦૭૮નો કુલ વિદેશી દારૂ ઉપર બુલડોઝર ફેરવાયું છે. વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવતી વખતે પોલીસના અધિકારીઓ, પ્રાંત અધિકારી તેમજ મામલતદાર હાજર રહ્યા હતા. ગુજરાત રાજ્યમાં દારૂનું સેવન કરવું તેમજ વેચાણ કરવું તેના ઉપર પ્રતિબંધ છે તેમ છતાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવતો હોય છે. દાહોદમાં ૩ પોલીસ મથકમાં ઝડપાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો. ૩ પોલીસ સ્ટેશને ૨ કરોડથી વધુના મુદામાલનો બુલડોઝર ફેરવીને નાશ કરાયો છે. તંત્રએ દાહોદના શિંગેડી ગામે વિદેશી દારૂના જથ્થાનો નાશ કર્યો છે.







## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રષ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારો તરફ હિજરતને રોકવા માટે તરત પગલા જરૂરી બન્યા છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પાસે એકબાજુ પુરતી સુવિધા નથી.

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

**જો ખરેખર તમે સંઘર્ષ કરી રહ્યા છો તો કોઇ વ્યક્તિની અથવા તો સંબંધીની મદદ ચોક્કસપણે લેવી જોઇએ : સફળતા માઇન્ડસેટની વાત**



આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઈને કોઈ ક્ષેત્રમાં મંદીને જોઈ શકાય છે. કોઈ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઈએ તેને લઈને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઈ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઈને કોઈ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઈની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઈ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઈ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઈ જાય છે. સાથે સાથે મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઈન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્દેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઈ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઈએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઈશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઈરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઈની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઈ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે. કારણ આમાંથી જવાબ નિકળીને આવે છે. ખુબ ઓછા એન્ટરપ્રેન્યોર આ બાબત જાણે છે કે સવાલ નવા મોટા વેન્ચર શરૂ કરવાના સૌથી મોટા મનાધ્યમ તરીકે હોય છે. જો તમે કોઈ મોટા કારોબારની શરૂઆત કરવા માટે ઈચ્છુક છો તો સૌથી સારી બાબત સારા વિચાર સપાટી પર પહેલા આવે તે જરૂરી છે.



**ભાગદોડની લાઇફમાં ફિટનેસ માટે લોકોની પાસે સમય નથી ત્યારે**

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# ટેકનોલોજી આરોગ્યનુ ધ્યાન રાખે છે

**ટેક્નોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખી શકાય છે : જુદા જુદા ફિટનેસ સંબંધિત સાધનો બજારમાં ઉપલબ્ધ બન્યા છે**

ભાગદોડની લાઈફમાં કોઈની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઈ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઈફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે. કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઈન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઈ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિંગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો. તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણૅ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઈ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઈન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્સ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઈ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે. એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિંગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઈમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઈડ કરે છે. સ્કુલ પર કઈ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે.

લોકોની ભાગદોડની લાઈફને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ હવે એવા સાધન બનાવવામાં ધ્યાન આપી રહી છે જેના કારણે વ્યક્તિની ફિટનેસને પણ જાળવી શકાય. આ પ્રકારના સાધનોના નિર્માણ પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મોટા ભાગની કંપનીઓ હેલ્થ સાથે સંબંધિત અલગ અલગ પ્રકારના ટેકનોલોજી સાધન તૈયાર કરી લીધા છે. જેની અસર દેખાઈ પણ રહી છે. ફિટનેસને લઈને આને કારણે ફાયદો પણ થઈ રહ્યો છે. આ પ્રકારના સાધન ખરીદવા માટે ઉત્સુકતા પણ વધી રહી છે.





**પારંપરિક ફુડ કરતા આ ફુડમાં ૫૦ ટકા સુધી વધારે પૌષ્ટિક તત્વો...**

**શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે**

# ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને

**ઓર્ગેનિક ફુડની પેદાશમાં કદ વધારી દેવા માટે કોઇ પણ પ્રકારના કેમિકલ્સનો પ્રયોગ કરવામાં આવતો નથી તે તમામ લોકો જાણે છે**

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે પાકમાં ઉપયોગ કરવામાં આવતા પેસ્ટીસાઈડ્સ શરીરના હાર્મોનના સંતુલનને બગાડી કાઢે છે અને નુકસાન પહોંચાડે છે. એટલુ જ નહીં આ જીન પર પણ પ્રતિકુળ અસર કરે છે. તેના પર નકારાત્મક અસર કરે છે. હાલના દિવસોમાં બજારમાં રહેલા મોટા ભાગના ફળ અને શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે શરીરને ખરુબ વધારે નુકસાન પહોંચાડે છે. આ બાબતની સામાન્ય લોકોને વહેલી તકે માહિતી મળતી નથી.

શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે. કેટલીક વખથ સંબંધિત વિભાગના અધિકારીઓ દરોડા પાડીને આ સંબંધમાં માહિતી પણ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વિકલ્પ તરીકે ઓર્ગેનિક ફુડની પસંદગી કરી શકાય છે. હાલના દિવસોમાં વધતી જતી આરોગ્યની સમસ્યાના કારણે લોકો હવે ઓર્ગેનિક ફુડની તરફ આકર્ષિત થઈ રહ્યા છે. નિષ્ણાંતો પણ હવે તેને ડાયટમાં સામેલ કરવા માટેની સલાહ આપી રહ્યા છે.




કારણ કે તે પૂર્ણ રીતે કેમિકલ ફ્રી છે. સાથે સાથે ફળ અને શાકભાજીના કુદરતી ટેસ્ટ પણ આપે છે. એટલે કે ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને મળે છે.

ઓર્ગેનિક ફુડ શુ છે તે અંહે લોકોને વધારે માહિતી નથી. પરંતુ આ અંગે માહિતી સામાન્ય લોકો રાખે તે જરૂરી છે. ઓર્ગેનિક ફુડની વાત કરવામાં આવે તો તે રસપ્રદ છે. ઓર્ગેનિક ફુડની સૌથી મોટી બાબત એ છે કે આમાં પેદાશને વધારી દેવા અથવા તો પેદાશના કદને વધારી દેવા માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓર્ગેનિક ફુડ એ ફુડ હોય છે જે કેમિકલ ફ્રી હોય છે. તેમની પેદાશમાં કોઈ પણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં રાસાયણક ખાતર અથવા તો પેસ્ટીસાઈડનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેની પેદાશ અને કદને વધારી દેવા માટે બિનજરૂરિ પ્રયોગો કરવામાં આવતા નથી. આ શાકભાજી અને ફળોનુ ઉત્પાદન કરવા માટે જૈવિક ખેતી કરવામાં આવે છે. આને જૈવિક ખેતી તરીકે પણ લોકો ગણે છે. બજારમાં ઉપલબ્ધ મોટા ભાગના ફળ અને શાકભાજી દેખાવવામાં ફ્રેશ લાગે છે. પરંતુ તે જરૂરી નથી કે ઓર્ગેનિક જ હોય. ઓર્ગેનિક ફુડ સર્ટિફાઈડ હોય છે. અથવા તો તેમના પર સ્ટિકર લાગેલા હોય છે. જેમ કે સામાન્ય મશાલાની સરખામણીમાં તેમાં આંશિક રીતે ગંધ વધારે પ્રમાણમાં હોય છે. સૌથી જરૂરિ અને મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમાં જેરી તત્વો હોતા નથી. કારણ કે તેમાં કેમિકલ્સ , પેસ્ટીસાઈડ્સ, ડ્રગ્સ, પ્રિજવર્ટેવિ જેવી નુકસાન પહોંચાડનાર ચીજોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના પેસ્ટીસાઈડ્સમાં ઓર્ગેનો-ફાસ્ફોરસ જેવા કેમિકલ હોય છે. જેમાં કેટલીક પ્રકારન બિમારીનો ખતરો રહેલો હોય છે.

આ શરીર માટે ખુબ લાભદાયક છે. પારંપરિક ફુંડની તુલનામાં આ ફુડમાં ૧૦ ટકાથી લઈને ૫૦ ટકા સુધી વધારે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે. તેમાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમ, મિનરલ્સ, આયરનનો સમાવેશ થાય છે. તેમાં રહેલા પૌષક તત્વો હાર્ટને લગતી બિમારી, બ્લડ પ્રેશર, ડાયબિટીસ અને કેન્સર જેવી બિમારીથી રક્ષણ આપે છે.

ઓર્ગેનિક ફર્મસમાં પેદાશ થનાર ફળ અને શાકભાજી વધારે એન્ટી ઓક્સીડન્ટ હોય છે. કારણ કે તેમાં પેસ્ટીસાઈડ્સ તો હોતા નથી. જેના કારણે તેમાં પૌષક તત્વો અકબંધ રહે છે. જે શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. એન્ટી ઓક્સીડેન્ટ વધાર હોવાથી શરીરને રોગોની સામે લડવાની તાકાત વધારે આપે છે. ઓર્ગેનિક ફુડમાં સામાન્ય રીતે પેદા કરવામાં આવતા પાકની તુલનામાં વધારે પૌષક તત્વો હોય છે. ઓર્ગેનિક ફુડ ચરબી વધતા પણ રોકે છે. ઓર્ગેનિક ફુડના મહત્વને હવે લોકો વધુ સમજી રહ્યા છે. કારણ કે શારરિક સમસ્યા હવે વધવા લાગી ગઈછે.



**બી અવેયર : તમામ પ્રકારની રિકવરી પણ પણ ઝડપથી થાય છે...**

**સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઇડ સ્ટ્રોક, બટરફ્લાય અને ફ્રી સ્ટાઇલ સામેલ હોય છે દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે**

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત

**સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી લાભકારી સાબિત થઇ શકે છે : નિષ્ણાંતો પણ માને છે**

કોઈ પણ સિઝનમાં સ્વિમિંગ ખુબ જ આદર્શ તરીકે છે. નિષ્ણાંતોની સાથે સાથે જાણકાર લોકો પણ નક્કરપણે માને છે કે સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઈને હાર્ટ સુધી તમામ શરીર માટે લાભકારી સાબિત થાય છે. સ્વિમિંગ તમામ રીતે ઉપયોગી છે. સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઈડ સ્ટ્રોક, બટરફલાય અને ફ્રી સ્ટાઈલ સામેલ હોય છે. દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે. અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે. વજન ઘટાડી દેવા માટે પણ સ્વિમિંગને ખુબ સારા વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત સ્વિમિંગની ગતિ , સ્વિમ સ્ટ્રોક અને વજન મુજબ કૈલોરી બર્ન થાય છે. એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી એટલી જ કૈલોરી બર્ન થાય છે આની અસર જોડ અને હાડકા પર પણ પડે ચે. જો કોઈ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કૈલોરી



સરળ રીતે બર્ન થાય છે. ઝડપી ગતિથી ૭૧૫ કેલોરી બર્ન કરવામાં આવી શકે છે. જ્યારે એક કલાકમાં ૩.૫ મીલ વોક કરવા પર માત્ર ૩૧૪ કૈલોરી અને યોગ કરવાથી ૧૮૩ કૈલોરી પ્રતિ કલાક બર્ન થાય છે. જો તમે પોતાના વજનને ઘટાડી દેવા ઈચ્છો છો તો દરરોજ ૧૦થી ૩૦ મિનિટ અને સપ્તાહમાં એકથી ત્રણ વખત સ્વિમિંગ ચોક્કસપણે કરવી જોઈએ. દરેક સપ્તાહમાં સ્વિમની અવધિ પાંચ પાંચ મિનિટ સુધી વધારી દેવાની જરૂર હોય છે. સ્ટ્રોક્સ પણ વધારે કરવામાં આવે તે જરૂરી છે. સમગ્ર મસલ્સની કસરત થઈ શકે તે માટે સતત પ્રયાસો કરવા જોઈએ. બ્રેસ્ટ સ્ટ્રોકને વધારે સમય સુધી મેન્ટેન રાખવામાં સરળતા હોવાની સાથે સાથે કૈલોરી પણ બર્ન થાય છે. સ્વિમિંગના કારણે હાર્ટ રેટ વધે છે. શરીર પર કોઈ પણ પ્રકારના દબાણ વગર હાર્ટ રેટ વધે છે. સ્ટ્રેથ વધવા, અને સમગ્ર શરીરના મસલ્સ ટોન કરવામાં મદદ મળે છે. કાર્ડિયોવેસ્કુલર માટે પણ આ એક સારી કસરત છે. કેટલાક અભ્યાસમાં પણ આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે સ્વિમિંગ બ્લડપ્રેશરને ઘટાડી દેવા સાથે સાથે બ્લડ શુગરને પણ નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે. ઈજા થવા, કોઈ પણ પ્રકારની વિકલાંગતા થવાની સ્થિતીમાં પણ સ્વિમિંગ ફાયદાકારક સાબિત થાય છે. સ્વિમિંગથી વહેલી તકે તમામ પ્રકારની રિક્વરી થાય છે. પીડા પણ ઘટતી જાય છે. જો કે કેટલીક બિમારી ધરાવતા લોકોએ સાવધાનીપૂર્વક અને તબીબોની સલાહ મુજબ કોઈ કસરતને ધ્યાનમાં લેવા અને તેને અમલી કરવાની જરૂર હોય છે. અસ્થમાના દર્દીને પણ સ્વિમિંગના કારણે ફાયદો થાય છે. કારણ કે તેના કારણે શ્વાસની કસરત થઈ જાય છે. ફેફસાની ક્ષમતા પણ વધી જાય છે. એમ પણ માનવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં ઉપયોગ કરવામાં આવતા કેમિકલ એટલે કે ક્લોરીનથી અસ્થમાંની શંકા વધી જાય છે. આવી સ્થિતીમાં ક્લોરીનની જગ્યાએ સોલ્ટ વોટરનો ઉપયોગ કરનાર પુલની પસંદગી કરવામાં આવે તે જરૂરી છે. તબીબોની સલાહ મુજબ જ પગલા લેવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગના કારણે ગુડ કોલેસ્ટ્રોલ વધી જાય છે. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે શરીરમાં બે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ રહે અને ગુડ કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએસનુ પ્રમાણ ઓછુ રહે. સપ્તાહમાં પાંચ વખત સ્વિમિંગ કરવાની સ્થિતીમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ સંતુલિત રહે છે. આના કારણે હાર્ટ રોગની શંકા ઓછી થઈ જાય છે. સ્વિમિંગના કારણે શરીર વધારે સ્ફુર્તિમાં રહે છે. આ વર્કઆઉટમાં સ્ટ્રેચ, ટ્વિસ્ટ અને પાણીમાં પોતાને ખેંચવા જેવા પ્રક્રિયા હોય છે. જેના કારણે ફ્લેક્સિબિલિટી વધી જાય છે. તરતી વેળા કમરથી લઈને હાત, પગ અને પીઠના હાડકાનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત સ્વિમિંગથી લોહીનો પ્રવાહ ૧૪ ટકા સુધી સુધરે છે. જેના કારણે દિમાગ સુધી લોહી સરળતાથી પહોંચે છે. સંશોધન દર્શાવે છે કે પાણીમાં સ્ટ્રોક લગાવવાથી દબાણ છાતી પર આવે છે. આના કારણે લોહી પ્રવાહ સુધેરે છે. રાત્રી ગાળામાં સારી નિંદ લેવા માટે સ્વિમિંગ ખુબ ઉપયોગી સાબિત થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



તાબો સૌથી ઠંડું સ્થળ

# હિમાચલમાં હિમવર્ષા બાદ હાડ ધ્રૂજતી ઠંડી

। શિમલા, તા.૧૨ ।

પહાડી રાજ્યોમાં મોસમી હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. કાશ્મીરથી હિમાચલ સુધીના પ્રવાસીઓ બરફવર્ષાનો આનંદ માણી રહ્યા છે. હિમાચલમાં હિમવર્ષા બાદ શિયાળાની તીવ્રતા વધી છે. રાજ્યમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને હવામાન વિભાગે આગામી દિવસોમાં ફરી હિમવર્ષા થવાની આગાહી કરી છે.રાજ્યમાં મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી ઓછું નોંધાયું હતું જ્યારે કેટલાક વિસ્તારોમાં હળવો હિમવર્ષા પણ થઈ હતી. આદિવાસી જિલ્લા લાહૌલ-સ્પીતિનું તાબો હિમાચલ પ્રદેશનું સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૨.૭ ડિગ્રી નોંધાયું હતું. સ્થાનિક હવામાન કેન્દ્રે જણાવ્યું હતું કે શિમલાના ખડરાલા, કોક્સર (લાહૌલ-સ્પીતિ) અને કલ્પામાં અનુક્રમે ૨.૦ સેમી, ૦.૫ સેમી અને ૦.૨ સેમી હિમવર્ષા થઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કેટલાક સ્થળોએ ખૂબ જ હળવો વરસાદ અને હિમવર્ષા થઈ હતી અને મોટાભાગના વિસ્તારોમાં હવામાન શુષ્ક રહ્યું હતું.હવામાન વિભાગે જણાવ્યું કે ૧૨ ડિસેમ્બરે હળવો વરસાદ અને હિમવર્ષા સિવાય, લાહૌલ-સ્પીતિ, ચંબા, કુલ્લુ, કિન્નૌર જિલ્લાઓ અને કાંગડાના ઉચ્ચ વિસ્તારોમાં આગામી સાત દિવસ સુધી હવામાન શુષ્ક રહેશે.

### મોદીએ વન નેશન વન ઇલેક્શનનું વચન આપ્યું હતું

# કેબિનેટે 'એક દેશ, એક ચૂંટણી' પ્રસ્તાવને મંજૂરી આપી, ટૂંક સમયમાં સંસદમાં બિલ રજૂ થઈ શકે

**બિલ અંગે તમામ રાજકીય પક્ષોના સૂચનો લેવામાં આવશે । પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિએ એક દેશ એક ચૂંટણી સંબંધિત રિપોર્ટ સરકારને સોંપ્યો હતો**

। નવીદિલ્હી,તા.૧૨ ।

